ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ. ફોન નં. ૦૨૮૩૨–૨૩૫૦૧૫
web : http//kskvku.digitaluniversity.ac ૨૩૫૦૧૬


---

રેફ. નં./ક.યુ/હેલ્પ સેન્ટર/૨૦૨૩/ તા. ૦૮.૦૬.૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
સંલગ્ન કોલેજો તમામ.

**વિષય :–** વર્ષ ૨૦૨૩–૨૪ના પ્રવેશ માટે હેલ્પ સેન્ટરની ગાઇડ લાઇન.

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૩–૨૪ના પ્રવેશ માટે આપની કોલેજને હેલ્પ સેન્ટર તરીકે કાર્યરત કરવાની રહે છે જે માટે નીચેની ગાઇડ લાઇન અનુસરવા અનુરોધ છે.

- હેલ્પ સેન્ટર માટે કો–ઓર્ડિનેટર તથા આસિ.કો– ઓર્ડિનેટરની નિમણૂંક કરવાની રહેશે તથા તેમનું નામ, મોબાઇલ નંબર, ઇ–મેઇલ આઇ.ડી. પત્ર દ્વારા યુનિ.ને જણાવવાનું રહેશે. હેલ્પ સેન્ટર માટેની તમામ જવાબદારી કો–ઓર્ડિનેટરશ્રીની રહેશે. કો–ઓર્ડિનેટર તથા આસિ.કો–ઓર્ડિનેટર મહેનતાણું યુનિ.દ્વારા નક્કી કરાયેલ નીયમાનુંસાર તથા નક્કી કરાયેલ દિવસો મુજબનું ચુકવવા પાત્ર રહેશે.
- યુનિ.માં ચાલતા તમામ કોર્ષ માટે વિદ્યાર્થી આપના હેલ્પ સેન્ટર પર ફોર્મ જમા કરવવા ઇચ્છે તો તે ફોર્મ સ્વીકારવાનું રહેશે. તથા એલીજીબીલીટી ચેક કરી જરૂરી તામામ સ્વપ્રમાણિત દસ્તાવેજો ફોર્મ સાથે વિદ્યાર્થીઓ પાસેથી લેવાના રહેશે તથા જે તે કોલેજોને સત્વરે અંતિમ દિવસે / તે પહેલા મોકવાનું રહેશે.
- તમામ કોલેજોના બ્રોસર કો–ઓર્ડિનેટરશ્રી એ મંગાવી કોપી પોતા પાસે રાખવાની રહેશે જેથી વિદ્યાર્થી ને જરૂરી માહિતી પૂરી પાડી શકાય.
- હેલ્પ સેન્ટરનો સમય સવારે ૧૦ વાગ્યા થી ૧.૩૦ વાગ્યા સુધીનો રહેશે.
- આપના હેલ્પ સેન્ટર પર આવેલ વિદ્યાર્થી કોઇપણ અભ્યાસક્રમનું ફોર્મ ભરવા ઇચ્છે તે માટે જરૂરી કોમ્પ્યુટર, સ્કેનર, પ્રિન્ટર, ઇન્ટરનેટ કનેકશનની યોગ્ય વ્યવસ્થા કરવી.
- તમામ ફોર્મ તથા આવેલ વિદ્યાર્થીઓનો રેકર્ડ કાળજી પૂર્વક જાળવવાનો રહેશે. હેલ્પ સેન્ટર પર આવતા વિદ્યાર્થીઓનું નામ, મોબાઇલ નંબર, સરનામું, બેઝીક ક્વોલીફીકેશન, કયા અભ્યાસક્રમ માટે માહિતી પૂછવામાં આવી વગેરે તારીખ સાથેનું રજીસ્ટર જાળવવાનું રહેશે. નિયમ મુજબ યુનિ. દ્વારા ચકાસણી કરી ચૂકવી આપવામાં આવશે.
- સ્ટેશનરી તથા અન્ય પરચૂરણ ખર્ચનો હિસાબ જાળવવાનો રહેશે જે નિયમ મુજબ યુનિ. દ્વારા ચકાસણી કરી ચૂકવી આપવામાં આવશે.
- હેલ્પ સેન્ટર પર આવતા વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે બેસવાની તથા પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. મહિલા કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે જ હેલ્પ સેન્ટર રહેશે.
- કોવીડ– ૧૯ ની સરકારશ્રીની ગાઇડ લાઇનનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

કચ્છ યુનિ.ના દરેક વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઇને કરેલ આ વ્યવસ્થાઓ માટે સૌનો સાથ અપેક્ષિત છે.

K.S.K.V. Kachchh University Bhuj-Kachchh

કુલસચિવ

**નકલ રવાના :–**
૧.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.
૨.ચીફ.એકાઉન્ટ ઓફિસર, હિસાબી શાખા.
૩.સીસ્ટમ એન્જીનીયર, કોમ્પ્યુટર શાખા તરફ.